ગાંધીનગર સમાચાર

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ના હવે મારો કાળો જાદુ નહી ચાલે... એક ભક્ત મારા જીનને નકલી દારૂ ધરાવીને ગયો તેમાં જીન મરી ગયો...!!!

ભગવાન શિવ પ્રત્યે પોતાની ભક્તિ વ્યક્ત કરવા શ્રાવણ મહિનાના કારણે રામેશ્વર મંદિર સેક્ટર ૩ ખાતે વધુ સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે. આ મંદિરમાં પૂજા કરવા માટે તમામ ૧૨ જ્યોતિર્લિંગની પ્રતિકૃતિ ઉપલબ્ધ હોવાને કારણે તે ભક્તોની વધુ પસંદગીમાં છે.

પ્રતિબદ્ધતા એ તમારા સાથે જોડાયેલા સપનાઓ સફળતા અને સિધ્ધિ ની અનુકરણીય ગાથા બની જાય છે" ૧૩ મી સ્થાપના દિવસની ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટિચર એજ્યુકેશન ધ્વારા મોદી જ ૨૦ "સપનાઓ વેચવા" માટે ની ઉજવણી ગાંધીનગર ની "લીલા હોટલ" માં કરાઈ જેમાં ભારત સરકારના ભૂતપૂર્વ કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી પ્રકાશભાઈ જાવડેકર,ગુજરાત સરકાર ના મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી, મંત્રી શ્રી કુબેર ભાઈ ડિંડોર, ગુજરાત ચિલ્ડ્રન યુનિવર્સિટી અને IITEના વાઈસ ચાન્સેલર શ્રી હર્ષદભાઈ પટેલ, ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર હાજર રહ્યા.

સિદ્ધાર્થ લૉ કોલેજ ગાંધીનગરમાં તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ પ્રથમ વર્ષનાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ ઉજવાયો હતો. વિશાળ સંખ્યામાં હાજર રહેલ વિદ્યાર્થીઓને પ્રિ. ડૉ. દિલીપ મેવાડાએ ટ્રસ્ટ કૉલેજ તથા અભ્યાસક્રમની વિશદ માહિતી પૂરી પાડી હતી.

રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા એન.પી. પટેલના જન્મ દિવસે રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા સંસ્થાના મોભી એન.પી. પટેલ (વેસ્ટર્ન એગ્રી સીડ્ઝ/નેચર ફર્સ્ટના પ્રણેતા)ના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે થેલેસેમિયાના દર્દીઓના લાભાર્થે વેસ્ટર્ન ફાર્મ પર રક્તદાન કેમ્પ યોજાયો હતો. શુભેચ્છકો અને સ્ટાફના ૬૭ સભ્યોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ. જેમાંથી ૩૪ બોટલ રક્ત એકત્ર કરી થેલેસેમિયાના દર્દીઓને ચઢાવવા આપ્યુ હતુ. રક્તદાન કેમ્પને સફળ બનાવવા જી.પી. પટેલ, નિલેન્દુભાઈ વોરા, રમણીકભાઈ સુરેલીયા, જયંતીભાઈ વઘાસીયા અને મહેન્દ્રભાઈ ચૌહાણે ભારે જહેમત ઉઠાવી હતી. પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ રક્તદાતાઓને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. જ્યારે એન.પી. પટેલ દ્વારા ભોજન અને ફૂટ વિતરણની વ્યવસ્થા કરાઈ હતી એમ એક અખબારી યાદીમાં રેડક્રોસ ચેરમેન જીલુભા ધાંધલ જણાવે છે.

છાવણી ખાતે એલઆરડી પુરૂષ ઉમેદવારોના બેઠકો વધારવાની માંગ સાથે ધરણા યોજાયા

ગાંધીનગર, તા.૦૧

આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે એલઆરડી પુરુષ ઉમેદવારોએ ધરણા યોજી રામધુન બોલાવી વિરોધ નોંધાવ્યો હતો. એલઆરડી મુદ્દે વિવાદનો અંત આવતો નથી. ઉમેદવારોની માંગણી છે કે મહિલા ઉમેદવારોની જેમ પુરુષ ઉમેદવારોની બેઠક વધારવામાં આવે. લોકરક્ષક દળની ભરતીના વેઈટીંગ લિસ્ટની રાહ જોઈને બેઠેલા ઉમેદવારો આજે ફરીવાર રાજયભરમાંથી આવેલા ૫૦ થી વધુ ઉમેદવારોએ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન કર્યો હતો. સરકાર દ્વારા વેઈટીંગ લીસ્ટ બહાર પાડવાની જાહેરાત કરી હતી. અગાઉ એપ્રિલ મહિનામાં ગૃહ વિભાગે તાત્કાલીક વેઈટીંગ લીસ્ટ બહાર પાડવાની જાહેરાત કરી હતી. અગાઉ એપ્રિલ માસમાં ગૃહ વિભાગે તાત્કાલીક વેઈટીંગ લીસ્ટ બહાર પાડીને નિમણુંકો આપવાની જાહેરાત કરી હતી. પરંતુ જુલાઈ માસ સુધીમાં હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. જેથી ઉમેદવારોએ ધરણા પ્રદર્શન કર્યું હતું. એલઆરડી માટે ૧૨ હજાર જેટલી ભરતીની જાહેરાત કરવામાં આવી હતી.તેના ૨૦ ટકા મુજબ ઉમેદવારોનું વેઈટીંગ લીસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જો કે પુરુષ ઉમેદવારોએ ૨૪૮૫ મહિલા ઉમેદવારોની સમકક્ષ પુરુષ ઉમેદવારોની પણ સંખ્યા વધારવાની માંગ ઘણા સમયથી કરવામાં આવી રહી છે. ઉમેદવારોની સરકારે તેઓને સચિવાલય બોલાવીને વહેલામાં વહેલી તકે લીસ્ટ જાહેર થશે તેવ હૈયાધારણ આપી હતી અને મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે બાંહેધરી પછી પણ જાહેરાત કરવામાં ના આવતા ઉમેદવારો લડવાના મુડમાં આવી ગયા છે. જેને પગલે આજે ફરીવાર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે એલઆરડી પુરુષ ઉમેદવારોએ ધરણા યોજી રામધુન બોલાવી વિરોધ નોંધાવ્યો હતો.

દોલારાણા વાસણા ગામે ઉધડ જમીનના પૈસા માંગતા વિધવાને ગડદાપાટુનો માર માર્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના દોલારાણા વાસણા ખાતે રહેતા વિધવા એ ઉધડ આપેલા ખેતરના અને ઘોડીના પૈસા માંગતા કોઈ પૈસા આપવાના નથી.તેમ કહી ચાર વ્યકિતઓએ વિધવા મહિલા સાથે ગાળાગાળી કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા વિધવાએ ચાર વ્યકિત સામે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દોલારાણા વાસણા ગામે રહેતા વિજયાલક્ષ્મીબા પુષ્પરાજસિંહ રાઠોડ (ઉ.૪૦) પોતાના પરિવાર સાથે રહે છે અને પશુપાલનનો વ્યવસાય કરે છે. ગામમાં સર્વે નંબર-૭૩૪ ખાતા નંબર ૫૯૩ વાળી જમીન તેઓની છે. ઉપરોકત જમીન ગામના મેલાજી લક્ષ્મણજી ઠાકોરને વાર્ષિક રૂ.૨૫ હજાર ભાડા પેટે ઉધેડ થી વાવેતર કરવા માટે એક વર્ષ પહેલા આપી હતી. આશરે ત્રણ મહિલા પહેલા એક ઘોડી રૂ.૫૦ હજારમાં મેલાજીને વેચાણ કરી હતી. જયારે દુધાળા પશુ પણ મેલાજીને અડધા ભાગે સાચવવા માટે આપ્યા હતા. જયારે ઉધડ આપેલી જમીનને એક વર્ષ થઈ જતા ગતા તા.૩૦ જુલાઈના રોજ સવારના સમયે વિજયાલક્ષ્મીબા ખેતરે ગયા હતા. તે સમયે ખેતરમાં મેલાજી ઠાકોર તેમના પત્ની કાન્તાબેન તેમનો દિકરો જનક અને ચિરાગ હાજર હતા. તે સમયે મેલાજી પાસે જમીન ઉધેડના પૈસા અને ઘોડી આપી હતી તેના પણ રૂપીયા બાકી હતી તે રૂપીયાની ઉઘરાણી કરી હતી.જયારે દુધાળા પશુ પરત આપવા માટે કહ્યું હતું. આ મેલાજીએ અમે કોઈ રૂપીયા આપવાના નથી, તે સમયે તેમના પત્ની કાંન્તા બેન અને તેમના દિકરા ગાળો બોલી રહ્યા હતા. જયારે ધુળીબેને પકડી રાખતા મેલાજી અને તેમના બે દિકરાઓએ ગડદાપાટુનો માર મારતા નીચે પડી ગયા હતા. જયારે બચાવવા માટે મહિલાએ બુમાબુમ કરતા ખેતર પાસેથી પસાર થતા ગામના વ્યકિત આવી જતા વધુ મારમાંથી છોડાવ્યા હતા. જેથી તેઓએ જતા સમયે કહેતા હતા કે આજે તુ તો બચી ગઈ છુ, હવેથી તો જો આ પૈસાની ઉઘરાણી કરીશ તો તને જીવતી નહી જવા દઈએ તેમ કહી જતા રહ્યા હતા. બનાવ અંગે મહિલાએ ચાર વ્યકિત સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સરગાસણ સહજાનંદર સર્જન ફલેટ પર તસ્કરો ત્રાટકયા : ૧.૬૫ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧

સરગાસણ સહજાનંદ સર્જન ફલેટ ખાતે બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી રૂ.૧.૬૫ લાખની ચોરી થઈ છે. પરિવાર બાળકની દવા લેવા માટે મોડાસા ગયો હતો, ત્યારે રાત્રીના સમયે ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. ફલેટના મુખ્ય દરવાજાનું ઈન્ટર લોક તોડી ચોર શખ્સોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ બેડરૂમમાં લાકડાના કબાટના ડ્રોવરમાંથી સોના-ચાંદીના દાગીના ચોરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સરગાસણ વિસ્તારમાં સહજાનંદ સર્જન ખાતે રહેતા આકાશ રજનીકાંત પ્રજાપતિ (ઉ.૨૯) પોતાના પરિવાર સાથે રહે છે. ટ્રાયો મિશન ટેકનોલોજી ઈન્ડીયા પ્રાઈવેટ લિમીટેડ કંપનીમાં એપ્લિકેશન એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૨૬ જુલાઈના રોજ દિકરો બિમાર પડતા મોડાસા ખાતે ફેમીલી ડોકટર પાસે સારવાર માટે ગયા હતા. મોડાસા વતનમાં માતા-પિતા રહેતા હોવાથી આકાશ, પત્ની અને બાળક સાથે રોકાયા હતા. જયારે સહજાનંદર સર્જન ફેલટમાં ઈન્ટરલોક મારીને ગયા હતા. મોડાસા ખાતે આકાશ પ્રજાપતિ હાજર હતા તે સમયે તેમના ફોન પર સોસાયટીના સભ્ય હિતેશ પ્રજાપતિનો ફોન આવ્યો હતો અને આકાશભાઈને કહ્યું કે તમારા ફલેટનું લોક તુટેલુ જણાય છે. પોલીસને જાણ કરવામાં આવી છે. તો તમે તાત્કાલીક ફલેટ પર આવી જાઓ. જેને પગલે તેઓ ગાંધીનગર સરગાસણ ખાતે દોડી આવ્યા હતા. ફલેટ પર આવીને ચેક કરતા એન્ટ્રી ગેટનુ લોક તેમજ મેઈન દરવાજાનું ઈન્ટરલોક તુટેલી હાલતમાં હતું. જેથી ઘરમાં અંદર જઈ હોલની સામે રસોડાની બાજુમાં આવેલા બેડરૂમમાં તપાસ કરતા પલંગ પર તમામ સામાન વેર વિખેર હાલતમાં પડી હતી. જયારે બેડરૂમમાં રહેલા ડ્રોવર ખુલ્લા હતા. જેમાંથી સોના-ચાંદીના દાગીના ચોરી થયા હતા. જેમાં સોનાની ચેઈન પેંડલ સાથે, સોનાની ચેઈન મણકાવાળી, સોનાની વીંટી (લેડીઝ), ત્રણ સોનાની બુટ્ટી, સોનાનું નાની સાઈઝનું પાંદડીવાળુ પેંડલ,એક જોડ બલૈયા, બે વીંટી ચાંદીની, ચાંદીની કડલી, નજરીયું, ચાંદીના છડા, ચાંદીની પાયલ, ચાંદીની ચેઈન પેંડલ સાથે મળી કુલ રૂ.૧.૬૪.૫૮૫ ની મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે હળવો વરસાદ નોંધાયો હતો.
- હર ઘર ત્રિરંગા અંતર્ગત જિલ્લામાં ૨૦૦ જેટલી ગ્રામસભાઓ સંપન્ન થઈ છે.
- પ્રદેશ યુવા મોરચાના જિલ્લા પ્રમુખ અને પ્રભારીઓની બેઠક આજે કોબા કમલમ્ ખાતે મળશે.
- ગાંધીનગર શહેરમાં આજે ૧૪૦૦થી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮૬૦૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- આજે શ્રાવણીયા સોમવારને લઈ મહાદેવોના મંદિરોમાં ભારે ભીડ જોવા મળી હતી. મંદિરોને આજે વિશેષ શણગારવામાં પણ આવ્યા હતા.
- બોરીજ પ્રા. શાળામાં બાળકોને સ્વરક્ષણની તાલિમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જિલ્લા પંચાયતમાં આજે ચૂંટાયેલા સભ્યોની અવરજવર વધુ જણાઈ હતી.
- કલોલ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા લીગલ વોલિયન્ટર્સને ટ્રેનીંગ આપવામાં આવી હતી.
- ગાંધીનગર જિલ્લામાં વરાપ નીકળતાં વાવણીના કામમાં વેગ આવ્યો છે.
- જે.એન.એલ.યુ.નો પદવીદાન સમારોહ ટૂંક સમયમાં યોજાવાના આયોજનની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ચિલોડા પ્રા. શાળામા ૭૫ મા આઝાદી અમૃતમહોત્સવ જવણી

ચિલોડા પ્રાથમિક શાળામાં પહેલી ઓગસ્ટ સ્વાધીનતા ૭૫ મા આઝાદી અમૃતમહોત્સવ ઉજવણી અંતર્ગત ભારત માતાજી તસ્વીર નું પૂજન અને સામુહિક આરતી કાર્યક્રમમાં પીએલવી નટુભાઈ પટેલ દ્વારા ટૂંકમાં પ્રાસંગિક વક્તવ્યમાં ઈન્ડિયા થી ભારત તરફ ની આઝાદી ની ચળવળમાં ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્વાતંત્ર્ય સેનાની અને શહીદો વિશે અને સરદારપટેલ ની આંદોલનની ભૂમિકા વ્યક્ત કરી વીર શહિદો મહાપુરુષો ના બલિદાનો ને યાદ કરી શત શત વંદન

માણસાના સોલૈયા અને દેલવાડાના ચાર પશુઓને લમ્પી સ્કીન ડીસીઝની અસર દેખાઈ : કોઈ કેસ નથી

ગાંધીનગર જિલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝ અંગે પશુપાલકોમાં જાગૃત્તિ અર્થે ૨૦૦ કેમ્પ યોજાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝની અસર ન આવે તે માટે જિલ્લા પશુપાલન કચેરી દ્વારા ગામેગામ જનજાગૃત્તિ માટે કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. અત્યારસુધી જિલ્લામાં ૨૦૦ જેટલા કેમ્પ યોજવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાના સોલૈયા અને દેલવાડા ગામના ચાર જેટલા પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝની પ્રાથમિક અસર દેખાઈ હતી.આ પશુઓને સારવાર આપીને અસરને કંટ્રોલ કરી લેવામાં આવી હોવાનું જિલ્લા પશુપાલન અધિકારી શ્રી એસ.આઈ. પટેલે જણાવ્યું છે. તેમણે પશુઓમાં રોગ પ્રતિકારણ શક્તિ વધે તે માટે પશુઓને મીનરલ મિક્ષર પાઉડર ખવડાવવા પશુપાલકોને ભારપૂર્વક અપીલ કરી છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે, લમ્પી નામના રોગની અસર પશુઓમાં ૨૦ થી ૨૫ દિવસે દેખાય છે. જેથી માણસા તાલુકાના ચરાડા ગામ ખાતે પશુ લે- વેચના વ્યવસાય કરતા વેપારીઓને જાગૃત કરવામાં આવ્યા છે. તેમજ રાજય સરકાર દ્વારા કરવામાં આવેલા પરિપત્ર અનુસંધાને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં પશુઓની આપ- લે ન થાય. તેમજ રાજય સ્તરે પણ આ પશુ લે- વેચ ન થાય તેની તકેદારી રાખવા જણાવવામાં આવ્યું છે. જે અંગેનું માર્ગદર્શન ચરાડા ગામમાં પશુ લે- વેચ કરતા પશુપાલકોને આપીને હાલ પૂરતો આ વેપાર બંધ કરાવવામાં આવ્યો છે. જિલ્લા પશુપાલન અધિકારી શ્રી એસ.આઈ.પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝની અસર પશુઓમાં ન ફેલાય તે માટે જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવી રહી છે. હાલમાં ગાંધીનગર જિલ્લામાં લમ્પી નામના રોગ અંગે પશુપાલકોમાં જાગૃત્તિ આવે તે માટે ગામેગામ જનજાગૃત્તિના કેમ્પ યોજાઈ રહ્યા છે. અત્યાર સુધી ૨૦૦ જેટલા કેમ્પ આયોજન જિલ્લાના વિવિધ ગામોમાં કરવામાં આવ્યું છે. આ કેમ્પ દરમ્યાન રોગના લક્ષણો, રોગ કેવી રીતે ફેલાય છે, તેને રોકવા શું શું તકેદારી રાખવાની છેજેવા અનેક વિષયની વિસ્તૃત સમજ આપવામાં આવે છે.

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી રૂપે રંગતાલ પ્રિ સ્કૂલ રાંધેજા ખાતે રંગતાલ પ્રિ સ્કૂલના નાના ભૂલકાઓ દ્વારા ભારત માતાની આરતી ઉતારીને ઉજવણી કરવામા આવી હતી.તેમજ ૧૫ ઓગષ્ટ ના સ્વતંત્રતા પર્વની ઉજવણી રૂપે સૌ લોકો ઘર ઘર પર તિરંગા લગાવી ને ઉજવણી કરવી તેમજ ભારત માતા નો જય જય કાર બોલવામાં આવી હતી . આખું રંગતાલ સંકુલ ભારત માતાની જય થી ગુંજી ઉઠ્યું હતું

ઘટાડાનો ટ્રેન્ડ યથાવત્ : શહેરમાં ૧૩ અને ગ્રામ્યમાં ૨૭ કેસ નોંધાયા

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૧૧, ગાંધીનગરમાં ૯, કલોલમાં ૬ અને માણસામાં ૧ કેસ નોંધાયો : શહેરમાં આજે સરગાસણમાં ૨ અને વાવોલમાં ૩ કેસ નોંધાયા, આ ઉપરાંત સે. ૨, ૬, ૭, ૧૨, ૨૪, ૩૦ તેમજ કોબા, કુડાસણમાંથી પણ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના સંક્રમણના ટ્રેન્ડમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૨૭ અને શહેરમાં કોરોનાના નવા ૧૩ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના ઘટાડાને પગલે તંત્રએ વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. શહેરમાં આજે સચિવાલય સંકુલમાં બ્લોક નં. ૭ ખાતે વેક્સિનેશન સેન્ટર શરૂ કર્યુ છે.

શહેર-જિલ્લામાં આજે કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત ૧૦ હજારથી વધુ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. ઘટાડાના આ ટ્રેન્ડ વચ્ચે સર્વેલન્સની કામગીરી પણ સઘન બનાવવામાં આવી છે.

શહેર-જિલ્લામાં કેસોની સંખ્યામાં સતત વધ-ઘટ થતી રહેતી હોવાથી તંત્રની ચિંતા યથાવત્ રહેવા પામી છે. લોકલ ટ્રાન્સમિશનથી કેસો સામે આવી રહ્યા હોવાનું તંત્ર સ્વીકારી રહ્યું છે. અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી વધુ ને વધુ કેસ સામે આવી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાં કોરોના સ્થિર થયો છે તેવુ કહી શકાય તેમ મનાઈ રહ્યુ છે. તંત્રએ ટેસ્ટીંગ અને ટ્રેકીંગ પર પણ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૧૩ કેસ નોંધાયા છે. શહેરમાં આજે બે દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેઓને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દી નોંધાયા છે.

શહેરમાં આજે સરગાસણમાં ૨ અને વાવોલમાં ૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૨, ૬, ૭, ૧૨, ૨૪, ૩૦ તેમજ કોબા, કુડાસણમાંથી પણ કેસ મળ્યા છે.

સે. ૭માં ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. સે. ૩૦માં ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે વધુ ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલા દર્દીઓ સાથે શહેરમાં ૧૯૮ એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૭ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં ૧૫ મહિલા દર્દી તેમજ ૧૦ વર્ષથી ઓછી આયુ ધરાવતા બે બાળ દર્દી, ૧૧ વિદ્યાર્થી, ૪ શ્રમિકો પણ સંક્રમિતોની યાદીમાં છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૧૧ કેસ, ગાંધીનગરમાં ૯, કલોલમાં ૬ અને માણસામાં ૧ કેસ નોંધાયો છે.

ગ્રામીણ વિસ્તારોમાં લોકલ ટ્રાન્સમિશનથી જે ગતિએ કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. દહેગામમાં જે રીતે કેસો મળી રહ્યા છે તે પણ ચિંતાનો મુદ્દો બનેલ છે.

દહેગામ તાલુકામાં રખિયાલ ગામેથી ૬ કેસ, સાહેબજીના મુવાડા ગામેથી ૨ કેસ ઉપરાંત દહેગામ શહેર, ધારીસણા, જાલિયા મઠ ગામેથી કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં પીપલજ ગામેથી ૩, સાદરામાંથી ૨ કેસ ઉપરાંત ધરમપુર, ઈસનપુર, રૂપાલ ગામેથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કલોલ શહેર, નારદીપુર, પલિયડ, ગોલથરા, ડિંગુચા અને સોજા ગામેથી કેસો મળી આવેલ છે.

માણસા શહેરમાંથી આજે વધુ એક કેસ મળેલ છે. શહેરમાં ૮ વર્ષની દિકરી કોરોનાથી સંક્રમિત થઈ છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૭ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારેલ છે. આજે નોંધાયેલ દર્દીઓ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૯૨૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

"નડાબેટ સીમાદર્શન "પ્રવાસ પ્રજાપતિ મિત્ર મંડળ ગાંધીનગર તા .૩૧-૭-૨૨રવિવારે સૈનિકો ની પૂજનીય નડેશ્વરી મા દર્શન ,ઈન્ડો પાકિસ્તાન ઝીરો બોર્ડર, સૌનિકોની ડોક્યુમેંટ્રી ફિલ્મ, આર્ટગેલરી, સિમદર્શન, BSF જવાની ફલેગ માર્ચ પરેડ ,અમરજવાનો ની ગાથા મ્યુઝિયમ પ્રદર્શન ની મુલાકાત લઈ અમર જવાનો ને દેશ માટેની કામગીરી બિરદાવી હતી, ભારે જહેમત ઉપાડી બાબુભાઇ પ્રજાપતિએ સુંદર સફળ આયોજન કર્યું હતું.

ભારત વિકાસ પરિષદ - ગાંધીનગર શાખા દ્વારા જીઆઈડીસી એસોસિએશન હોલ ખાતે તેજસ્વી છાત્ર અભિનંદન તથા પરિવારમાંથી વિશિષ્ટ ઉપલબ્ધિ ધરાવતા સભ્યોનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડોક્ટર વેદાંગિનીબેન દવે (M.D Ayurveda) દ્વારા બાળ ઉછેર તથા બાળ સંસ્કારલક્ષી વક્તવ્ય આપવામાં આવ્યું હતું તેજસ્વી છાત્ર અભિનંદન કાર્યક્રમમાં પરિવારના કુલ ૪૫ બાળકોને સન્માનિત કર્યા હતા. કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ પરિવારના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.